:: ક્રિમી. કેસ નં. ૫૩/૨૦૨૬ ના કામે આંક–૧ લગત કમીટલ હુકમ ::

(૧) આ કામના ફરીયાદીશ્રી પો.કો. રાકેરસિંહ ભરતસિંહ બ.નં. ૪૨૧ કડી પોસ્ટે. તા.કડી, જિ.મહેસાણા વાળાએ તા.૧૭–૧૦–૨૫ નારોજ કડી પો.સ્ટે.માં આ કામના આરોપીઓ સામે ફરીયાદ નોધાવતા પોલિસે ગુનો નોધી યોગ્ય તપાસ બાદ બી.એન.એસ.ની કલમ ૩૨૫, ૫૪ તથા ગુજરાત રાજય પશુ સંરક્ષણ અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૫(૧),૬(બી)૧, ૮(૧)(૨), તથા પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા માટેના કાયદા ૧૯૬૦ ની કલમ ૧૧(એલ) હેઠળ સજાને પાત્ર ગુનાનું ચાર્જશીટ ઈન્સાફ થવા સારુ અત્રેની કોર્ટમાં મોકલી આપેલ છે.

(૨) આરોપીઓ ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભમાં મુદતે હાજર થતા તેઓને પોલિસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે. સદર આરોપીઓનું નિવેદન લેતા તેઓએ તેમની સામેનો કેસ સ્વખર્ચે વકીલ રોકી લડવા માંગતા હોવાનું જણાવેલ છે. આરોપીઓ સામેનું તહોમત જોતા આ કેસ ચલાવવાની હકુમત અત્રેની અદાલતને નથી પરંતુ ના. સેશન્સ કોર્ટ આ કેસ ચલાવવાની સત્તા ધરાવે છે. આ સંજોગોમાં આ કેસ બી.એન.એસ.એસ.ની– ૨૦૨૩ ની કલમ ૨૩૨ મુજબ કમીટ કરતો ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) આ કેસ આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ ૨૩૨ મુજબ કમીટ કરવામાં આવે છે.

(૨) આ કેસ મોકલી આપ્યા બદલની જાણ મહેસાણા જિલ્લા અદાલતના સરકારી વકીલશ્રી ને કરવી.

(૩) આ કામનું રેકર્ડ તથા મુદ્દામાલ ના. સેશન્સ કોર્ટ, મહેસાણાને મોકલી આપવો.

(૪) આરોપીઓએ તેમના જામીનદાર સાથે મુદત તારીખ તા ૩૦–૪––૨૦૨૬ના રોજ ના. સેશન્સ કોર્ટ મહેસાણા ખાતે સવારના ૧૧–૦૦ વાગે હાજર રહેવુ.

આજરોજ તા.૩૦મી તારીખ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૩૦–૩–૨૦૨૬ ( આર્ય રામકુમાર )

સ્થળ:–કડી એડી. ચીફ જયુડી.મેજી.,કડી

(કોડ નં. જી.જે.૦૧૩૨૪)